# સાબરકાંઠામાં વરસાદ ખેંચાતા મોલાતના અસ્તિત્વ સામે જોખમ

## પુરતો ભેજ ન થતા અનેક પાક સુકાવા લાગ્યા : ખેડૂતોએ ડાંગરની રોપણી પડતી મુકી

હિંમતનગર, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે ધારણા કરતા ખુબ જ નહીવત વરસાદ થવાને કારણે ખેડૂતોના માથે જાણે કે પનોતી બેઠી હોય તેમ લાગી રહ્યુ છે. જિલ્લામાં ચોમાસા અગાઉ અનેક ખેડૂતોએ મગફળી, કપાસ સહીતના અન્ય પાકોનું વાવેતર કરી દીધુ હતુ. પરંતુ વરસાદ ખેંચાતા પાકોના અસ્તિત્વ સામે જોખમ ઉભુ થયુ છે. જો સત્વરે વરસાદ નહી પડે તો ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવશે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠાના ઈડર, હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ તાલુકામાં ચોમાસા અગાઉ ખેડૂતોએ અંદાજે ૨૫ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં કપાસનુ બોર કૂવાના પાણીથી વાવેતર કરીને ઉગાડી દીધો છે. પરંતુ વરસાદ ખેંચાતા બોર કૂવામાં પાણીના તળ ઊંડા ઉતરી ગયા છે. તથા આઠ કલાકથી વધુ ખેતી વિષયક વિજપુરવઠો મળતો નથી. જેના કારણે કપાસના પાકને ટાઈમસર પીયત આપી શકાતુ નથી. ઓછામાં પુરૂ કપાસના પાકમાં પડેલી ચુસિયા જીવાતને કારણે છોડનો વિકાસ અટકી ગયો છે.

તો બીજી તરફ અંદાજે ૨૦ હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં વાવેતર કરાયેલ મકાઈ, ગવાર, મગ, અડદ, સહીતના અન્ય પાકોને સમયસર વરસાદી ભેજ જમીનમાંથી ન મળવાને કારણે આ પાક મુરઝાઈને જતો રહેતા જમીન પડતર પડી રહી છે.

દરમિયાન પ્રાંતિજ તાલુકામાં બોર કૂવાની સગવડ ધરાવતા ખેડૂતોએ ડાંગરની રોપણી ધમધોકાર શરૂ કરી હતી. પરંતુ વરસાદ ખેંચાતા અને બોર કૂવાની મોટરો સતત ચાલુ રહેતા પાણી કપાઈ ગયા છે. જેથી અનેક ખેડૂતોએ વધુ જમીનમાં ડાંગરની રોપણી કરવાનુ સાહસ હાલ પુરતુ મોકુફ રાખ્યુ છે. તેમ છતાં જો આગામી પંદર દિવસમાં સંતોષકારક વરસાદ થશે તો તાલુકાના ખેડૂતો વધુ ડાંગરની રોપણી કરવાનુ વિચારી રહ્યા છે.

ખેતીવાડી વિભાગના તજજ્ઞોની ભલામણ મુજ તા. ૧૫ ઓગષ્ટથી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન પિયતવાળા દિવેલાનુ વાવેતર કરી શકાય છે ત્યારે આ વર્ષે એકંદરે ચોમાસુ પાકોનુ ઓછુ ઉત્પાદન થવાની શક્યતા નકારી શકાતી નથી.

# પાલનપુરની લડબી નદીને પ્રદુષિત કરનારાઓ સામે ફોઝદારી કાર્યવાહી કરવાની માંગ

પાલનપુર, તા. ૩૦

પાલનપુરની લોકમાતા લડબી નદીના દબાણો દૂર કરવાની ફાઈલ અભરાઈએ ચડી ગઈ છે. ત્યારે લોકમાતા લડબી નદીને પ્રદુષિત કરી જાહેર આરોગ્ય સાથે થતા ખિલવાડ સામે જવાબદારો સામે ફોઝદારી કાર્યવાહી પગલાં ભરવાની માંગ કરતી લેખિત ફરિયાદ થતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર શહેરના મધ્યમાંથી પસાર થતી જે લડબી નદી પસાર થાય છે. જેમાં ભૂગર્ભ ગટરની ચેમ્બરો બનાવી હોઈ ગટરનું પ્રદુષિત પાણી ભળે છે. માનવ વસવાટ વિસ્તારમાં ખુલ્લામાં વહેતા પ્રદુષિત પાણીના કારણે નુકસાનકારક પ્રદુષણ વધવાની સાથે માથું ફાટી જાય તેવી દુર્ગંધ ફેલાતા રોગચાળો ફેલાવવાની દહેશત વર્તાઈ રહી છે.

બંધારણીય અધિકાર મુજબ, દરેક નાગરિકને પ્રદુષણ મુક્ત પર્યાવરણમાં રહેવાનો અધિકાર છે. ત્યારે આ કિસ્સામાં માનવીય હકકોનું જાહેરમાં ઉલ્લઘન થઈ રહ્યું છે. નદીમાં ગેરકાયદે ડ્રેનેજ પાઈપ લાઈન અને ચેમ્બરો બનાવવાના કારણે ઘણી જગ્યાએ પાઈપ તૂટી જતા કે લીક થતા નદીમાં ગટરનું પાણી ભળતા નદી પ્રદુષિત થઈ રહી છે.

આમ, લડબી નદી પ્રદુષિત થઈ રહી હોવા છતાં તેને રોકવામાં જવાબદાર અધિકારીઓએ દાખવેલી ઉદાસીનતા સામે તેઓની સામે ફોઝદારી કાર્યવાહી કરવા જાગૃત નાગરિક બાબુલાલ સૈનીએ લેખિત ફરિયાદ કરતા ચકચાર મચી જવા પામી છે.

### ...તો લડબી નર્કાગાર કેમ ?

કેન્દ્રની ભાજપ સરકારે પવિત્ર ગણાતી ગંગા નદીને પ્રદુષણ મુક્ત કરવા અને મેલી ગંગાને સ્વચ્છ કરવાનું બીડું ઝડપ્યું છે. આ માટે અંદાજે ૪૦૦ કરોડનું આંધણ પણ થઈ ચૂક્યું છે. ત્યારે પાલનપુર માં તો જવાબદાર પ્રશાસન જ લોકમાતા લડબીમાં ગંદકી ઠાલવી રહ્યા છે. ભારતના બંધારણના આર્ટિકલ ૨૧ની કલમ- ૨૧, કલમ-૪૮, ૫૧ (જી), ગંદા પાણી નિવારણ અને પ્રદુષણ નિયંત્રણ અધિનિયમ ૧૯૭૪ પર્યાવરણની કલમ હેઠળ પાણી અને પર્યાવરણ ને સ્વચ્છ રાખવાનો અધિકાર, પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ ૧૯૮૬ મુજબ જવાબદાર અધિકારીઓ ચીફ ઓફિસર, પાલનપુર નગરપાલિકા, ગુજરાત શહેરી વિકાસ કંપની ગાંધીનગર, ભુગાન ઈન્ફોકોન પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ, જિલ્લા આરોગ્ય અધિકારી, બનાસકાંઠા, પાલનપુર અને જિલ્લા કલેક્ટર, બનાસકાંઠા સામે ફોઝદારી કાર્યવાહી કરવાની દાદ લેખિત ફરિયાદમાં માંગવામાં આવી છે.

### લડબીના દબાણો કોરાણે ?

પાલનપુરની લડબી નદીમાં બિલ્ડરો અને ભુમાફિયાઓએ દબાણો કરતા લડબી નદી લુપ્ત થઈ ગઈ છે. જેને લઈને પાલનપુર ના લડબી નદીના અસરગ્રસ્તોએ 'લડબી બચાવો' અભિયાન હાથ ધર્યું હતું. જેમાં મીડિયા પણ જોતરાયું હતું. જોકે, આજે પણ મોટા દબાણો તૂટ્યા નથી અને નાના દબાણો દૂર કરવાનું નાટક ભજવાઈ ચૂક્યું છે. ટૂંકમાં, આ લડત પરિણામલક્ષી બની શકી નથી. જોકે, લડબી બચાવવા સામે આવેલા કેટલાક નેતાઓ સહિત મીડિયાકર્મીઓએ પણ અચાનક વાવટો સંકેલી લેતા વહીવટી તંત્રે પણ દબાણ દૂર કરવાના અભિયાન કોરાણે ચડાવી દેતા અસરગ્રસ્તોની રહીસહી આશા ઉપર પણ પાણી ફરી વળ્યું છે.

# હિંમતનગરમાં પૈસા ન આપવા બાબતે ધમકી અપાતા ચાર સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગરના સવગઢ ગામે રહેતા એક ઈસમ સાથે પાંચ માસ અગાઉ પૈસાની લેતીદેતી સંદર્ભે રવિવારે પરીવારને જીવવા નહી દેવાની ચાર જણાએ ધમકી આપ્યાની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે અબ્દુલ મજીદ અબ્દુલ સતાર મેમણે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨-૩-૨૦૧૮ના રોજ વિરમભાઈ સાગરભાઈ દેસાઈના કહેવાથી મહેસાણાના યુસુફભાઈ વસુરી, પાટણના જહીર ખોખરા તથા ખેરાલુના અજહર સિંધીએ અબ્દુલ મજીદને મળી કહ્યુ હતુ કે તારે વિરમભાઈના પૈસા આપવા પડશે. તેમ કહી તમંચો બતાવી ધમકી આપી. હથીયારો ધારણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ભયમાં મુકી દીધા હતા. ત્યારબાદ બળજબરીથી થોડા પૈસા કઢાવી લીધા હતા.

દરમિયાન એક વર્ષ પછી અબ્દુલ મજીદને ફરી વિશ્વાસમાં લઈ તેમની સ્કોર્પીયો મુંબઈ જવાના બહાને લઈ જઈ આજદિન સુધી પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી રવિવારે ફરીથી અબ્દુલ મજીદના ઘરે જઈ તેઓ હાજર ન હોવા છતા વિરમભાઈના પૈસા નહી ચુકવે તો પરીવારને જીવવા નહી દઈએ એવી ફોન પર ધમકી આપતા અબ્દુલ મજીદ મેમણે ચારેય જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# મેઘરજ મુખ્ય બજારમાં આવેલો હેડપમ્પ નજીકથી પસાર થતી ગટરલાઈનથી રોગચાળાનો ભય



મેઘરજ, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં આવેલ મેઘરજ તાલુકા મથક હોવાથી વિવિધ સરકારી કામકાજ અર્થે અને ખરીદી માટે મોટા પ્રમાણમાં ગ્રામ્ય વિસ્તારના લોકો મુલાકાત લેતા હોય છે. મેઘરજ સાબરકાંઠા બેંક સામે આવેલ એકમાત્ર પેડપંપ પ્રજાજનો માટે પીવાના પાણીના આશીર્વાદ રૂપ બની રહે છે. આ હેડપંપ ગટરની વચ્ચે ઘેરાતા અસહ્ય ગંદકી અને ગટરમાંથી ગંદુ પાણી વહેતા લોકો મજબૂરીવશ ગંદુ પાણી પીવા મજબુર બનતા પ્રજાજનો પાણીજન્ય બીમારીમાં સપડાવાનો ભય પેદા થવા છતાં જવાબદારતંત્ર દ્વારા આંખ આડા કાન કરાતા લોકો ભગવાન ભરોશે હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. હેંડપંપની આજુબાજુની ગંદકીથી તોબા પોકારી ઉઠેલા લોકો રૂપિયા ખર્ચી પાણી પીવા મજબુર બનતા લોકો માટે વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી જાગૃત નાગરિકોમાં માંગ પ્રબળ બની છે.

# સુનોખ ખાતે અરવલ્લી જિલ્લાનો ૬૯મો વનમહોત્સવ ઉમંગભેર ઉજવાયો

મોડાસા, તા. ૨૯

આજરોજ અરવલ્લી જિલ્લાનો ૬૮મો વનમહોત્સવ સુનોખ ખાતે વિધાનસભાના દંડક ભરતસિંહ ડાભીના પ્રમુખપદે યોજાયો હતો. જેમાં જિલ્લાના ખેડૂતો, વનપ્રેમીઓ, ધારાસભ્ય ઉપરાંત જિલ્લા-તાલુકાના કાર્યકરો અને કલેકટર-ડીએસપી સહિતના અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.




વનમહોત્સવ ઉજવણી સમારોહના પ્રારંભે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા પછી જિલ્લાના સામાજિક વનીકરણ વિભાગના નાયબ વનસંરક્ષક એન.પી. મેવાડાએ મહેમાનોનું ભાવભીનું સ્વાગત કરતા જિલ્લામાં વનવિભાગની કામગીરીનો વિસ્તૃત અહેવાલ આપ્યો હતો. જેમાં તેમણે સામાજિક વનીકરણ વિભાગની પ્રજાલક્ષી યોજનાઓનો ખ્યાલ આપ્યો હતો.

વન સંરક્ષક મેવાડાએ વૃક્ષ ઉછેર માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ, વનકુટિર, વનચેતના કેન્દ્ર, ગૌચર જમીનમાં ગ્રામવન અને વિકેન્દ્રિત પ્રજાનર્સરી વિશે ઊંડો ખ્યાલ આપ્યો હતો અને જણાવ્યું હતું કે અરવલ્લી જિલ્લામાં આ વર્ષે ૩૬.૯૦ લાખ વૃક્ષો ઉછેરવાના લક્ષાક છે. પ્રારંભિક તબકકે સુધીમાં ૮ લાખ રોપાઓ વવાયા હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ.

ગુજરાત વિધાનસભાના દંડક ભરતસિંહ ડાભીએ પ્રમુખપદેથી બોલતાં ઉદાહરણો આપીને વૃક્ષોના મહત્વ અને જરૂરિયાત ઉપર ભાર મૂકીને જણાવ્યું હતું કે વૃક્ષ એ જીવન છે અને વૃક્ષ માનવ જીવન માટે ઉપકારક છે ત્યારે દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું એક વૃક્ષ ઉછેરવાની નેમ લેવી જોઈએ. તેમણે વનસંરક્ષક એન.પી. મેવાડાએ રજૂ કરેલી વિવિધ વન યોજનાઓની સરાહના કરી હતી અને ઉત્સાહથી કામ કરતા વનવિભાગને બિરદાવ્યો હતો.

# ગુરૂપૂર્ણિમાની ઉજવણી અંતર્ગત તેજસ્વી છાત્રાઓને સન્માનિત કરાઈ



પાલનપુર, તા.૩૦

પાલનપુર ખાતે કન્યા કેળવણીને ઉત્તેજન આપી ગુણવત્તાલક્ષી શિક્ષણ સાથે સુસંસ્કારોનું સિંચન કરતી માતૃશ્રી કુંવરબા કન્યા વિધાલય ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ હતી. આ ઉપરાંત તેજસ્વી છાત્રાઓને પણ સન્માનિત કરાયા હતા.

પાલનપુર ખાતે માતૃશ્રી કુંવરબા કન્યા વિધાલય ખાતે આવેલા કબીર આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમા ની ઉજવણી કરાઈ હતી. સદગુરુ કબીર ફાઉન્ડેશનના સુશ્રી સરલાબેનના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી સાથે ધો. ૧ થી ૧૨માં પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલા તેજસ્વી છાત્રાઓને સન્માનિત કરાઈ હતી.

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં બનાસકાંઠા જિલ્લામાં છઠ્ઠા ક્રમે અને માતૃશ્રી કુંવરબા કન્યા વિધાલયમાં ફર્સ્ટ આવી શાળાનું ગૌરવ વધારનાર કુ.રિયા.એસ. જોશીને સુશ્રી સરલાબેનના હસ્તે રૂ.૧૦૦૦નો પુરસ્કાર આપી સન્માનિત કરાઈ હતી. આ પ્રસંગે શાળાની છાત્રાઓ સહિત વાલીઓ માટે ભોજન પ્રસાદનું પણ આયોજન કરાયું હતું. આ પ્રસંગે માધ્યમિક વિભાગના પ્રિન્સિપાલ મણિલાલ મેવાડા અને પ્રાથમિક વિભાગના પ્રિન્સિપાલ સુરેશભાઈ રાવલ, ટ્રસ્ટીઓ સહિત મોટી સંખ્યામાં વાલીઓ અને ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠાના સ્કૂલ કો- ઓર્ડીનેટરોને પગાર પીએફ ન ચૂકવાતાં ગાંધીનગરમાં રજૂઆત

સરકાર દ્વારા બનાસકાંઠા જિલ્લામાં ૨૦૧૨ માં સીએએલ પ્રોજેકટ અંતર્ગત સરકારી પ્રાથમિક શાળામાં કમ્પ્યુટર મુકવામાં આવેલ હતા. આ કમ્પ્યુટર શિક્ષકોને શીખવવા અને જે તે કમ્પ્યુટરની સાર સંભાળ માટે પાંચ શાળા દીઠ એક સ્કૂલ કો ઓર્ડીનેટર એવરોન એજ્યુકેશન લિમિટેડ કંપની દવરા મુકવામાં આવેલ હતા. જેમને છુટા કરવામાં આવ્યા છે.

જોકે, છેલ્લા બે માસનો પગાર અને પીએફના નાણાં ન ચૂકવવામાં આવતાં આ યુવકોમાં ભારે રોષ ઉદ્દભવ્યો છે. જેમણે આ અંગે બનાસકાંઠા જિલ્લા કલેકટર કચેરીએ આવેદનપત્ર આપી ધરણાંની ચિમકી ઉચ્ચારી છે. છતાં પ્રશ્નનું કોઈ નિરાકરણ ન આવતાં આખરે ગાંધીનગર ખાતે રજૂઆત કરી વિધાનસભા સામે ધરણાં ઉપર બેસવાની ચિમકી ઉચ્ચારી છે.

# પાલનપુર રામલીલા મેદાનમાં નજીવી તકરારમાં તલવાર વડે હુમલો

પાલનપુર, તા.૩૦

પાલનપુરના રામલીલા મેદાનમાં નજીવી બાબતમાં ત્રણ જણાએ તલવાર, પાઈપ વડે હૂમલો કરી બે જણાને ઈજાઓ પહોંચાડી હતી. આ અંગે ફરીયાદ નોધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

પાલનપુરના હનુમાન ટેકરી જીવનજયોત સોસાયટીમાં રહેતા નવીનકુમાર માધવલાલ રાવલ અને જયોત્સનાબહેને રામલીલા મેદાન નજીક આવેલા રસ્તા ઉપર પડેલી ઈંટો- પતરા લેવાનું કહ્યું હતુ. આથી દેવાભાઈ મણીભાઈ રાવળ, મણીભાઈ રાવળ અને ટીનાબેન મણીભાઈ રાવળ ઉશકેરાઈ ગયા હતા. જેમણે તલવાર તેમજ પાઈપ વડે હૂમલો કરી બંનેને ઈજાઓ પહોચાડી હતી. આ અંગે નવિનકુમાર રાવલે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# કોલેજોમાં હવે વર્ગ-૩ની કુલ ૬૮૮ જગ્યાને ભરવાની મંજુરી

અમદાવાદ,તા.૩૦

રાજયની બિનસરકારી અનુદાનિત વિનીયન, વાણિજય, વિજ્ઞાન, કાયદા તથા શિક્ષણવિદ્યા શાખાની કોલેજોમાં વર્ગ-૩ની વિવિધ સંવર્ગની કુલ ૬૮૮ વહીવટી જગ્યાઓ પૈકી ૨૪૭ જગ્યાઓ સીધી ભરતીથી અને ૪૪૧ જગ્યાઓ બઢતીથી ભરવા માટે રાજય સરકારે મંજૂરી આપી છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે રાજય સરકાર સમક્ષ આ વહીવટી જગ્યાઓ ભરવા અંગે વિવિધ શૈક્ષણિક મંડળો /સંગઠનો તરફથી અવારનાવાર રજૂઆત મળતા રાજય સરકારના શિક્ષણ વિભાગે વિવિધ વહિવટી જગ્યાઓ ભરવા માટે આ નિર્ણય કરતા આગામી દિવસોમાં આ જગ્યાઓ સીધી ભરતી અને બઢતીથી ભરવા માટેની વહીવટી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### સીલ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરાયેલા આ કોર્મશિયલ કોમ્પલેક્ષોમાં હેતુફેર ઉપયોગ થતો હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા આજે મૌખિક સુચના આપવામાં આવી છે. જયારે હવે આ મામલે દુકાનો સીલ કરવા સહીતની ગતિવિધિઓ હાથ ધરાશે તેમ પણ જણાંવાયુ છે. તંત્રની હરકતના પગલે સ્થાનિક વેપારીઆલમમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

### બાળકને સમજો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધારીએ. શિક્ષણ સૌના માટે છે તે વાતને વિગતે સમજાવીએ.

આ બેઠકમાં અગ્રસચિવે દાખલારૂપ કામગીરીના પ્રસંગો ટાંકવા પણ જણાવ્યુ હતુ. તેમણે બીઆરસી, સીઆરસી સાથે કેટલીક રસપ્રદ વાતો પણ કરી અને કેવી રીતે કામગીરી કરવી જોઈએ તે અંગે વિશેષ માર્ગદર્શન પણ આપ્યુ હતુ. એક કલાકથી પણ વધુ સમય સુધી આ સંવાદ બેઠક ચાલી હતી.

### મિશન વિદ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ગ બનાવી તેમના પર ધ્યાન કેન્દ્રીત કરવા સૂચવવામાં આવ્યો હતો. જે મુખ્યસચિવને ખુબ ગમ્યો હતો. જિલ્લામાં મિશન વિદ્યામાં આજે પણ ત્રણ નવા રૂપ જોવા મળ્યા હતા. મુખ્ય સચિવશ્રીની સે. ૨૪ની મુલાકાત આ પછી સાંજે જિલ્લાના બી.આર.સી. સી.આર.સી. સાથે કલેક્ટર, ડીડીઓ, પ્રા. શિ. નિયામકની અગ્ર સચિવ (પ્રા. શિક્ષણ) વિનોદ રાવ સાથેની બેઠક ખુબ નોંધનીય છે.

આ બેઠક અહિ ચાલતી હતી તેના થોડા સમય પૂર્વે જ પંચાયત પ્રમુખ, પ્રા. શિ. અધિકારી તેમજ શિક્ષણ સમિતિના ચેરમેન સમક્ષ મેદરાની બે શિક્ષિકાઓ દ્વારા વાલીઓ અને સ્ટાફ સાથે ઝઘડાનું વર્તન કરવામાં આવી રહ્યાની ફરિયાદો ગ્રામજનોએ કરી હતી. તો બીજી તરફ કલોલ તાલુકાની ગોપાલનગર અને ન્યુ લક્ષ્મીનગર પ્રા. શાળામાં વિદ્યાર્થીઓના શિક્ષણને લઈ શિક્ષકોએ કરેલ માઈક્રો પ્લાનીંગની વાત શિક્ષણ સચિવ અને કલેક્ટરને જ નહિ પણ તંત્રના સૌ અધિકારીઓને સ્પર્શી ગઈ હતી. આવી જ બીજી ઘટના સે. ૬માં આવેલ પ્રા. શાળાના બાળકોએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં સંગીતના સાધનો વિના પણ તાળીઓની સંગત સાથે રજુ કરેલા બાળગીતોથી સૌના દિલ ડોલાવી દીધા હતા. પૃથા ફાઉન્ડેશન દ્વારા અહી ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરાયુ હતુ તો બાળકોએ વૃક્ષના જતન માટે પ્રતિજ્ઞા વાંચન પણ કર્યુ હતુ.

### હા, સાહેબ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણમાં ધ્યાન નથી આપી શકતા એ અનુભવાયુ છે. એટલે વેકેશન એ સાચો અને સારો નિર્ણય છે.''

''સાચાની તો ખબર નથી પણ બાળકો માટે સારો નિર્ણય છે એમ કહી શકાય.''

''અરે ભલા માણસ આપણી ગરવી ગુજરાતના અસ્મિતાના પ્રતિક સમા ગરબામાં અબાલ-વૃદ્ધ સૌ કોઈ જોડાય એવા અભિગમને આવકારવો જ જોઈએ ને..?''

''હા... સાહેબ... હા...''

### ડ્રાફ્ટ જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ દાવાને કેટલા દિવસમાં નિકાલ કરી દેવામાં આવશે આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવશે. જો કોઈ આનાથી પણ સંતુષ્ટ થતાં નથી તો તે ફોરેનર્સ ટ્રાઈબ્યુનલમાં અરજી કરી શકે છે. કોઈને કોઈ જગ્યાએ ન્યાય ચોક્કસપણે મળશે. આ સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ છે. આ પ્રકારના સંવેદનશીલ મુદ્દા ઉપર ધાંધલ ધમાલ યોગ્ય નથી. આ સંપૂર્ણપણે નિષ્પક્ષ રિપોર્ટ છે. કોઈપણ ભ્રામક માહિતી આપવામાં આવી નથી.

### એસબીઆઈ દ્વારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

એફડી ઉપર ૭.૧૫ની જગ્યાએ ૭.૨૫ ટકા વ્યાજદર આપશે. આ દરો એક કરોડ રૂપિયા સુધીના એફડી ઉપર લાગૂ થશે જ્યારે નાની નાની અવધિ માટે જમા મોટી રકમ ઉપર વ્યાજદરો ઉપર ઘટાડો કરવામાં આવ્યો છે. એકથી બે વર્ષ માટે એક કરોડથી ૧૦ કરોડ રૂપિયા સુધીના ડિપોઝિટ ઉપર વ્યાજદર ૭ ટકાથી ઘટાડીને ૬.૭૦ ટકા કરવામાં આવ્યો છે. સિનિયર સિટિઝનના મામલામાં આ દર ૭.૫૦ ટકાથી ઘટાડીને ૭.૨૦ ટકા કરવામાં આવ્યો છે.

# પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા યોજાઈ

## યુ.ડી.પી.ગ્રાન્ટ અન્વયે ૫ કરોડના કામ મંજુર કરાયા : પાલનપુર નગરપાલિકાના ૩૫ હંગામી કર્મચારીઓના પગાર વધારાયો

પાલનપુર, તા. ૩૦

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાની સાધારણસભા યોજાઈ હતી. જેમાં યુ. ડી. પી. ગ્રાન્ટ અંતર્ગત રૂપિયા પાંચ કરોડના કામો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાલિકાના હંગામી કર્મચારીઓના ફિકસ પગારમાં વધારો કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ભાજપ શાસિત પાલનપુર નગર પાલિકાના નવ નિયુકત પ્રમુખ અશોકભાઈ ઠાકોર અને ઉપપ્રમુખ હેતલબેન રાવલ, ચીફ ઓફિસર પંકજભાઈ બારોટની અધ્યક્ષતામાં બુધવારે સાંજે પાલિકા હોલમાં સાધારણસભા યોજાઈ હતી. જેમાં એકથી દસ કામો અને ચેરપર્સનથી રજૂ કરેલા કામોનો વિપક્ષના સદસ્યોના વિરોધ વચ્ચે મંજુર કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીની એક સભાને બાદ કરતાં બીજી વખત સભામાં કામોની ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જેમાં વિપક્ષના નેતા અમૃતભાઈ જોષીએ ગત સાધારણ સભાની કાર્યવાહીને બહાલી, પાણી પુરવઠાના ઠરાવોને બહાલીમાં પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. જે કામો બહુમતીથી પસાર કરવામાં આવ્યા હતા. સાધારણસભામાં કામ નં. નવ અંતર્ગત વર્ષ ૨૦૧૮ની યુ. ડી. પી. ગ્રાન્ટમાંથી રૂપિયા પાંચ કરોડના વિકાસના કામો મંજુર કરવામાં આવ્યા હતા. જેમાં આગામી સમયમાં વિપક્ષ અને શાશકપક્ષના સદસ્યોની સમિતિ બનાવી આ નાણાં કયા કામો પાછળ ખર્ચવા તે નક્કી કરવા માટે જણાવાયું હતુ.

સભાના અંતે પ્રમુખ અશોકભાઈ ઠાકોરે અધ્યક્ષસ્થાનેથી પાલિકામાં હંગામી કર્મચારીઓનો ફિકસ પગાર જે રૂપિયા ૫૭૦૦ છે. તે વધારીને રૂપિયા ૮૭૦૦ કરવાનો નિર્ણય જણાવ્યો હતો. જેને સર્વ સભ્યોએ સર્વાનુમતે મંજુર કર્યો હતો.



### બ્લેકલીસ્ટમાં મુકવાનો ઠરાવ કરાયેલા કોન્ટ્રાકટરને પુનઃ કામ સોંપાયું

આ અંગે વિપક્ષના નેતા અમૃતભાઈ જોષીએ શાશકપક્ષના સદસ્યોને સંબોધતાં જણાવ્યું હતુ કે, અગાઉ તમે જ કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટમાં મુકવા માટે ઠરાવ કર્યો હતો. અને પુનઃ આજ કોન્ટ્રાકટરને કામ સોંપવામાં આવે છે. તે કેટલા અંશે વ્યાજબી છે. આ ઉપરાંત તેમણે રાજીવ ગાંધી આવાસ યોજનામાં ભ્રષ્ટાચાર મુદ્દે અવાજ ઉઠાવ્યો હતો. પરંતુ પ્રમુખે આ મુદ્દો કોર્ટ મેટર હોવાથી ચર્ચા કરવાની ના પાડી દીધી હતી. તેમજ રોડ સહિતના મુદ્દે વિપક્ષના નેતાએ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

### સાધારણસભામાં હાસ્ય રેલાયું

અત્યાર સુધીની સાધારણસભામાં કામો માત્ર બે મિનીટમાં બહુમતીના જોરે મંજુરપમંજુર કરી સભા સમાપ્ત કરી દેવામાં આવતી હતી. જેથી વિપક્ષ દ્વારા હોબાળો મચાવવામાં આવતો હતો. જોકે, આ વખતે તમામ કામોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વિપક્ષના ઈબ્રાહિમભાઈ સ્ટ્રીટલાઈટના નવા કામની માહિતી માંગવા ઉભા થયા ત્યારે શાશકપક્ષના હસમુખભાઈએ શુ તમારે કોન્ટ્રાકટ લેવો છે. તેમ કહેતા તેમજ અમૃતભાઈ જોષીએ ફિસર્ચની બાબતે પુછતા પ્રમુખ અશોકભાઈ ઠાકોરે યાર તમારા જેવા જાગૃત સદસ્ય બધુ જાણે છે તેવું વાકય ઉચ્ચારતાં સભામાં હાસ્યની છોળો ઉડી હતી.